GJRJ020389222024

**રાજકોટના મે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**

**(મ્યુનિસીપાલ) સાહેબશ્રીની કોર્ટ સમક્ષ**

---

**ફોજદારી કેસ નં.૩૧૨૮૩/૨૦૨૪**
**આંક–**

---

**FORM–A**

| **રાજકોટના મે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (મ્યુનિસીપાલ)(કે.આર.ગાગનાણી) સાહેબશ્રીની કોર્ટ સમક્ષ, મુ.રાજકોટ.** | |
|---|---|
| **જજમેન્ટ તારીખ** | ૦૧.૦૮.૨૦૨૬ |
| **ફોજદારી કેસ નં.** | **૩૧૨૮૩/૨૦૨૪** |
| **ગુના રજી. નં.** | ખાનગી ફરીયાદ |
| **ફરીયાદી** | જગદિશભાઇ લવજીભાઇ રામાણી<br>રહે. ઠે. રીદ્ધી સીદ્ધી સોસાયટી નાલા પાસે, બજરંગ ઈન્ડ. એરીયા મેઇન રોડ કોઠારીયા રીંગ રોડ,તા.જી.રાજકોટ |
| **ફરીયાદી પક્ષે** | વિધ્વાન વ.શ્રી પી.વી.ગળધરિયા |
| **આરોપી** | રવીભાઇ અશોકભાઇ વળદોરીયા<br>રહે.નવા થોરાળા, શેરીનં. ૭, ખીજળાવાળો મેઇન રોડ,અબ્દુલ કેરોસીન વાળાની બાજુમાં બંધ શેરી,૮૦ ફુટ રોડ, તા.જી. રાજકોટ |

| | |
|---|---|
| **બચાવપક્ષે** | વિદ્વાન વકીલ શ્રી જયોત્સના ડી. મોરાડીયા |

## FORM–B

| | |
|---|---|
| **ગુનાની તારીખ** | – |
| **એફ.આઈ.આર.ની તારીખ** | – |
| **પ્લી/તહોમતનામું ઘડયાની તારીખ** | ૧૭–૦૩–૨૦૨૬ |
| **પુરાવાની શરુઆતની તારીખ** | ૨૨–૧૦–૨૦૨૪ |
| **ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ** | ૦૧–૦૭–૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | ૦૧–૦૮–૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો.** | |

**<u>–:આરોપીની વિગત:–</u>**

| આરોપીનો અનું.નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિતની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા/સજા કરી | કરવામાં આવેલ સજા | Cr.P.C. કલમ ૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયત નો સમય ગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | રવીભાઇ અશોકભાઇ વળદોરીયા | – | – | **<u>ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ:૧૩૮ મુજબ</u>** | સજા | –– | –– |

# FORM–C

## :–ફરીયાદી/બચાવપક્ષ/કોર્ટના સાક્ષીઓની યાદી–:

### (એ). ફરીયાદ પક્ષ.

| અનું.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| PW–1 | જગદિશભાઇ લવજીભાઇ રામાણી | ફરીયાદી |
| PW–2 | – | – |

### (બી). બચાવ પક્ષ.

| અનું.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| DW–1 | કોઈ સાહેદ તપાસેલ નથી. | |

### (સી).અદાલત દ્રારા.

| અનું.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| CW–1 | કોઈ સાહેદ તપાસેલ નથી. | –––– |

## :–ફરીયાદી/બચાવપક્ષ/કોર્ટના આંકની સુચી–:

### (એ). ફરીયાદ પક્ષ.

| અનું.નં. | આંક નંબર | વિગત |
|---|---|---|
| ૧ | ૪ | ફરીયાદી શ્રી જગદિશભાઇ લવજીભાઇ રામાણી ની સોગંદ ઉપરની જુબાની |
| ૨ | ૧૨ | શાહુકાર ધારા–૨૦૧૧ નીચે થયેલ રજીસ્ટ્રેશનનું પ્રમાણપત્ર |
| ૩ | ૧૩ | ભાગીદારી દસ્તાવેજ |
| ૪ | ૧૪ | અધિકારપત્ર |
| ૫ | ૧૫ | આરોપી દ્વારા ફરીયાદીને આપવામાં આવેલ ચેક |
| ૬ | ૧૬ | ચેક પરત ફર્યા અંગેનો રીટર્ન મેમો |
| ૭ | ૧૭ | આરોપીને વકીલશ્રી મારફત મોકલવામાં આવેલ નોટીસ |

| | | |
|---|---|---|
| ૮ | ૧૮ | પોસ્ટ ખાતામાં નોટીસ રજી.એડી. કરવામાં આવેલ તેની મની સ્લીપ. |
| ૯ | ૧૯ | ભારતીય પોસ્ટનો ઓનલાઈન ટ્રેક રીપોર્ટ |
| ૧૦ | ૨૦ | લોનની શરતોની વિગતો દર્શાવતું પત્રક |
| ૧૧ | ૨૧ | લોન અરજી ફોર્મ |
| ૧૨ | ૨૩ | ફરીયાદીનું આધાર કાર્ડ |

**(બી).** બચાવ પક્ષ દ્વારા કોઈ પુરાવો રજૂ કરવામાં આવેલ નથી.

**(સી).** અદાલત દ્વારા બીજા કોઈ પુરાવા નોંધવામાં આવેલ નથી.

**(ડી).** ભૌતિક પદાર્થ કબ્જે કરવામાં આવેલ નથી.

**// ઠ રા વ //**

(૧) ફરિયાદીએ હાલની ફરીયાદ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ (જેને હવે પછીથી ટુંકમા ''ધી એન. ઈ. એકટ'' એ રીતે ઉલ્લેખ કરેલ છે) ની કલમ –૧૩૮ અન્વયે દાખલ કરેલી છે.

**ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે,**

આ કામના આરોપીને ધીરાણની જરૂરિયાત ઉભી થતાં તેઓએ ફરીયાદીનો સંપર્ક કરેલ અને આ કામના આરોપી ફરીયાદીની ઓફીસે રૂબરૂ આવેલ અને આરોપીએ તેમની ઓળખાણ આપી ઓળખાણના આધારો આપી ફરીયાદીને જણાવેલ કે મારા અંગત હેતુ માટે રૂ.૫૦,૦૦૦/– ની જરૂરીયાત હોય અને આરોપીએ લોન અંગેના તમામ ડોકયુમેન્ટ પુરા પાડેલ. જેથી તા.૦૧/૦૩/૨૦૨૪ ના રોજ રૂ. ૫૦,૦૦૦/– (પચાસ હજાર પુરા) ની લોન વર્ષીક ૧૨%

વ્યાજે આરોપીને આપેલ છે. લોન ધીરાણ મેળવતી વખતે આરોપીએ ફરીયાદીને વચન, વિશ્વાસ અને ખાત્રી આપેલ કે આ ધીરાણ કરારની શરતો અનુસાર નિયમિત રીતે સમયાનુશાર ભરપાઈ કરી આપીશું. લોન એગ્રીમેન્ટ મુજબ માસીક નિયમિત રીતે રૂ.૪,૬૬૦/- માસ ૧૨ માટે ભરવાના નકકી થયેલ પરંતુ આ કામના આરોપી ધ્વારા લોન પેટે હપ્તાની રકમ રેગ્યુલર જમા કરાવવમાં આવેલ નથી. સદરહુ બાકી લેણા પેટેની ધિરાણની ચુકવણી કરવા માટે ચેક આપેલ અને આ ચેક આપતી વખતે ફરીયાદીને પાકું વચન, વિશ્વાસ, ખાત્રી આપેલ કે આ ચેક વટાવવા માટે નાખતા ફરીયાદીને ધિરાણનુ બાકી રહેતું લેણુ પરત મળી જશે. આમ આરોપીએ લોન પેટે લીધેલી રકમ રૂ.૫૪,૪૦૦/- ફરીયાદીને પરત ચુકવવા માટે આરોપીએ તેમના ખાતાવાળી પંજાબ એન્ડ સીંધ બેન્ક, ચેક નં.૦૦૦૦૦૧, તા.૧૪-૦૯-૨૦૨૪ ના રોજનો રૂ.૫૪,૪૦૦/- નો ચેક આપેલ. ફરીયાદીએ સદર ચેક તેમની પેઢીના ખાતામાં વટાવવા માટે બેંકમાં નાખતા આ ચેક ફંડસ ઈન્સફીસીય્ન્ટના શેરા સાથે વણ ચુકવ્યે પરત ફરેલ છે. જેથી ફરીયાદીએ તેમના વકીલ મારફત આરોપીને તા.૦૧-૧૦-૨૦૨૪ ના રોજ આ કામના આરોપીને તેમના સરનામે સમય મર્યાદામાં નોટીસ મોકલેલ છે જે નોટીસ આ કામના આરોપીને તા.૦૩/૧૦/૨૦૨૪ ના રોજ મળી ગયેલ છે. આમ છતા આરોપીએ ફરીયાદીને ચેક મુજબની લેણી રકમ ચુકવેલ નથી. આમ આ કામના આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો ગંભીર ગુનો આચરેલ છે. જેથી આ કામના આરોપી વિરૂધ્ધ અત્રેની અદાલતમાં ધી

નેગોશીએબલ ઈસ્ન્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ ની કલમ ૧૩૮ મુજબ ફરીયાદ દાખલ કરેલ છે. જેથી આ કામના આરોપીને નામ.કોર્ટ સમક્ષ બોલાવીને કાયદાનું ભાન કરાવી ફરીયાદીને વળતર ચુકવવા અંગેનો હુકમ કરવા ન્યાયના હીતમાં અમારી નમ્ર અરજ છે.

(૨) હાલની ફરીયાદ દાખલ થયા બાદ ફરિયાદીની સદર ફરિયાદ રજીસ્ટરે દાખલ કરી આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ની કલમ–૧૩૮ મુજબ સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવેલો છે, જે સમન્સ આરોપીને બજી જતાં આરોપી કોર્ટ સમક્ષ ઉપસ્થિત થતાં આરોપી ને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ અન્વયે ફરીયાદની નકલ તથા દસ્તાવેજી પુરાવાઓ પુરા પાડવામાં આવેલ છે ત્યારબાદ આરોપીનો તારીખ ૧૭–૦૩–૨૦૨૬ ના રોજ આંક–૧૦ થી નિવેદન લેવામાં આવતા આરોપીએ તેની સામેના આક્ષેપિત ગુનાનો ઈન્કાર કરી સદરહું કેસ ફરીયાદપક્ષના પુરાવાના તબકકે મુકરર કરી આગળની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

(૩) આ કામે ફરિયાદપક્ષ તરફે ઉપર જણાવેલ ફોર્મ સી મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે. ત્યારબાદ ફરીયાદપક્ષે આંક: ૨૫ થી પુરાવા બંધની કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

(૪) આ કામે ફરીયાદીની સોગંધ ઉપરની જુબાની બાદ આ કામે આરોપીને બચાવ માટે ફરીયાદીની ઉલટતપાસ કરવા સારુ વ્યાજબી અને પુરતી તક મળવા છતા આરોપી કે તેમના વિ.વ.શ્રી કોર્ટ સમક્ષ હાજર થઈ ફરીયાદીની જુબાનીને પડકારેલ નથી. આરોપીએ

તા.૧૭–૩–૨૦૨૬ ના રોજ ગુન્હો કબુલ નહી હોવાનું અને પોતાને બચાવ કરતા હોવાનું પોતાના આંક–૧૦ ના નિવેદનમાં જણાવેલ છે. પરંતું ત્યાર પછી ઘણીબધી પુરતી તક આપવા છતા પણ હાજર રહેલ નથી જેથી પકડવોરંટ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલો. રેકર્ડ જોતા ત્યાર બાદ અવાર નવાર આરોપી સામે પકડ વોરંટ ઈસ્યુ કરવા છતા વોરંટની બજવણી થયેલ નથી. આમ આરોપી દ્રારા ગુન્હાનો ઈન્કાર કરી, પોતાનો બચાવ રજૂ કરવાનું પસંદ કરવામાં આવેલ છે. આમ આરોપી પોતાની સામેના ફરીયાદમાં જણાવેલ ગુન્હાની હકીકતોથી માહીતગાર હોવા છતા, કોર્ટમાં હાજર રહી, પોતાનો બચાવ કરી ઉલટતપાસ લીધેલ નથી. અને આમ ફરીયાદીની સોગંધ ઉપરની જુબાની રેકર્ડ ઉપર વણ પડકારાયેલી યાને અનચેલેન્જ રહેલ છે. આમ આરોપી કોર્ટ સમક્ષ હાજર રહેલ નથી કે તેમના વિ.વ.શ્રી પણ હાજર રહેલ નથી. આમ આરોપી પક્ષે ફરીયાદીની જુબાનીને ચેલેન્જ કરેલ નથી કે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ નથી. ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે. જેમાં ખોટુ સોગંધનામુ કરીને ખોટી ફરીયાદ કરેલ છે. તેવુ જણાવેલ છે.

(૫) આમ બચાવપક્ષે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ નથી.

(૬) ત્યારબાદ આ કામે ફરીયાદીના વિ.વ.શ્રીએ મૌખિક દલીલ કરેલ છે. જેમાં ફરીયાદની તેમજ સોગંધ ઉપર જુબાનીમાં જણાવેલ હકીકતો

ને વળગી રહેલ છે. જેને ફરીથી બીજી વખત ઉલ્લેખ કરવાનું ટાળેલ છે. જે દલીલો ધ્યાને લીધી.

(૬.૧) આરોપી તરફે આરોપી જાતે કે તેમના વિ.વ.શ્રી હાજર રહીને કોઈ દલીલ કરવામાં આવેલ નથી.

(૭) આ કેસમાં મારા નિર્ણય અને નિકાલ અર્થે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

**// મુદ્દા //**

1 Whether the Complaintant proves the indrediants of offence under Section 138 of Negotiable Instrument Act, as per the Complaint ?

2 What Order ?

(૮) ઉપરોકત મુદા પરત્વે મારા નિર્ણયો હવે પછી ચર્ચા કર્યા પ્રમાણેના કારણોસહ નીચે મુજબ છે.

**// નિ ર્ણ યો //**

૧. હકારાત્મક.

૨. આખરી હુકમ મુજબ.

**<u>–: નિર્ણય માટેના કારણો :–</u>**

**<u>મુદા નં.૧....</u>**

(૯) ફરીયાદી ધ્વારા આ કામે હાલની ફરીયાદ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ:–૧૩૮ મુજબના ગુના અન્વયે દાખલ કરવામાં આવેલ છે. ત્યારે આરોપી સામેનો આક્ષેપિત ગુનો સાબિત કરવા

માટે નીચે મુજબના આવશ્યક તત્વો જોવા જરૂરી છે જે નામદાર સુપ્રિમ કોર્ટે અપર્ણા એ શાહ વિ. શેઠ ડેવલોપર્સ પ્રા.લી. એ.સી.સી.૨૦૧૩ (૮) ૭૧ ના પેરા. ૧૩ માં જણાવેલ તત્વો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદી પર રહેલી છે.

I a person must have drawn a cheque on an account maintained by him in a bank for payment of a certain amount of money to another person from out of that account;

II the cheque should have been issued for the discharge, in whole or in part, of any debt or other liability;

III that cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity whichever is earlier;

IV that cheque is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of the account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with the bank;

V the payee or the holder in due course of the chequemakes a demand for the payment of the said amount of money by giving a notice in writing, to the drawer of the cheque, within 15 days (now 30 days) of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid;

VI the drawer of such cheque fails to make payment of the said amount of money to the payee or the holder in due course of the cheque within 15 days of the receipt ofthe

said notice. Being cumulative, it is only when all the aforementioned ingredients are satisfied that the person who had drawn the cheque can be deemed to have committed an offence under Section 138 of the Act.”

(૧૦) આમ, જયારે ફરીયાદી ધ્વારા ઉપરોકત તમામ મુદ્દાઓ પુરવાર કરવામાં આવે ત્યારે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ: ૧૧૮(એ) તથા કલમ. ૧૩૯ અનુસાર ફરીયાદી ની તરફેણમાં અનુમાનો કરી શકાય તેવી જોગવાઈ છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ: ૧૧૮ (એ)ની જોગવાઈ અનુસાર જયાં સુધી વિરુધ્ધનુ સાબિત ના થાય ત્યાં સુધી દરેક વટાઉખત અવેજના માટે કરી આપ્યાનુ માની લેવામાં આવશે. તે જ રીતે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ:– ૧૩૯ની જોગવાઈ વંચાણે લેવામાં આવશે વિરુધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી અનુમાન કરવામાં આવશે કે ચેકના ધારણકર્તા એ તે ચેક કલમ–૧૩૮ ની જોગવાઈ અનુસાર તેમના કાયદેસરના દેવા અથવા જવાબદારીની અંશત: અથવા પુર્ણ ચુકવણી માટે મેળવવામાં આવેલ હશે. ઉપરોકત બંને કલમ હેઠળ ફરીયાદીની તરફેણમાં અનુમાન થઈ શકે. પરંતુ બંને જોગવાઈમાં'' વિરુધ્ધનુ સાબિત ના થાય તો'' તેવા શબ્દો પ્રયોજવામાં આવેલ છે. એટલે કે આ બંન્ને અનુમાનો ખંડિત થઈ શકે તે પ્રકારના અનુમાનો છે. વિરુધ્ધનું પુરવાર ના થાય તે શબ્દોના અર્થઘટન અનુસાર અનુમાનનુ ખંડન સચોટ પુરાવાથી કરવાનુ રહે છે અને આવુ અનુમાન ખંડન કરવાનો બોજો આરોપીના શીરે રહે છે. આ અનુમાનોનું ખંડન કરવા માટે આરોપીએ સાહેદના બોકસમાં આવવાની જરુર નથી. આવો જ

સિંધ્ધાંત નામદાર સર્વોચ્ચ અદાલતના તાજેતરનો ચુકાદો જે, Basalingppa V/s. Mudibasappa 2019(5) SCC 418 માં કરેલ છે. જેમાં ફરીયાદી દ્રારા પુરવાર થયે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય છે. જે ચુકાદાનો પેરા નં.૨૩ નીચે મુજબ છે.

23 We having noticed the ratio laid down by this Court in above cases on Sections 118(a) and 139, we now summarise the principles enumerated by this Court in following manner:-

(i) Once the execution of cheque is admitted Section 139 of the Act mandates a presumption that the cheque was for the discharge of any debt or other liability.

(ii) The presumption under Section 139 is a rebuttable presumption and the onus is on the accused to raise the probable defence. The standard of proof for rebutting the presumption is that of preponderance of probabilities.

(iii) To rebut the presumption, it is open for the accused to rely on evidence led by him or accused can also rely on the materials submitted by the complainant in order to raise a probable defence. Inference of preponderance of probabilities can be drawn not only from the materials brought on record by the parties but also by reference to the circumstances upon which they rely.

(iv) That it is not necessary for the accused to come in the

witness box in support of his defence, Section 139 imposed an evidentiary burden and not a persuasive burden,

(v) It is not necessary for the accused to come in the witness box to support his defence.

(૧૧) વધુમાં, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના કેસમાં ફરીયાદ પક્ષે આ જ કાયદાની કલમ –૧૧૮ તથા ૧૩૯ મુજબનાં અનુમાનો અદાલત કરે તેટલો પુરાવો રેકર્ડ પર રજૂ કરવાનો હોય છે અને આરોપીએ પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના સિંધ્ધાંત મુજબ પોતાનો બચાવ કરવા માટે તેની સામે કરવામાં આવતા અનુમાનોનું ખંડન કરવાનું હોય છે. જે અંગે સંક્ષિપ્તમાં કાયદાની જોગવાઈનું અર્થઘટન તથા નામદાર સર્વોચ્ચ અદાલત તેમજ નામદાર વડી અદાલતોનાં ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ વિવિધ સિંધ્ધાંતોનો સાર નીચે મુજબ છે.

In a prosecution under Sec. 138 of N.I. Act, the court shall presume certain facts against accused upon proof of issuance of cheque by the accused to the complainant in view of Section 118 and Section 139 of N.I. Act. However such presumptions are not conclusive in nature but they are rebuttable and it is for the accused to rebut such presumption. The standard of proof for rebutting the presumption is that of preponderance of probabilities. To rebut the presumption, it is open for the accused to rely on evidence led by him or the accused can also rely on the materials submitted by the complainant in order to raise a probable defence. Inference of preponderance of

probabilities can be drawn not only from the materials brought on record by the parties but also by reference to the circumstances upon which they rely. The said presumption can also be rebutted by the accused from the admission made by the complainant in his cross examination which creates doubt on the prosecution story. It is also well settled that it is not necessary for theaccused to step in the witness box in support of his defence in all cases. It is also well settled that section139 imposed an evidentiary burden and not a persuasive burden. So it can legitimately be said that whether presumption stood rebutted or not would depend upon the facts and circumstances of each case. Furthermore it is also well settled that if the accused is not able to rebut the said presumption raised against him, he can be convicted only on the basis of such presumption. And if the accused is able to rebut the presumption, then the onus is again shifted to the complainant to prove his case beyond all reasonable doubt.

(૧૨) આ કામે ફરીયાદપક્ષ તરફથી ફરીયાદી શ્રી જગદીશભાઈ લવજીભાઈ રામાણી આંક: ૪ થી સરતપાસ સોગંદનામું રજુ કરેલ છે તેઓએ ફરીયાદમાં જણાવ્યા મુજબની હકીકતો સોગંધ ઉપરની સરતપાસમાં જણાવી ફરીયાદ હકીકતને પુષ્ટી આપેલ છે. સદર સાહેદની ઉલટતપાસ કરવા માટે બચાવપક્ષને પુરતી તક આપવા છતા પણ બચાવપક્ષ દ્રારા તેઓ જાતે કે તેમના વિ.વ.શ્રી દ્રારા હાજર થઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી જેથી બચાવપક્ષનો ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૧૩) વધુમાં ફરીયાદ પક્ષે વિ.વ.શ્રી ની એવી દલીલ છે કે, એકટની કલમ–૧૩૯ તથા ૧૧૮ વંચાણે લેતા એમ સ્પષ્ટ થાય છે કે જો એક વાર એમ સાબીત થાય કે, આરોપીએ ફરીયાદીને ચેક આપેલ છે. તો તેવા સંજોગોમાં કેટલાક અનુમાનો અદાલતે કરવાના રહે છે. તે સબંધે કાયદાની પરિસ્થિતી જોઈએ તો આવા અનુમાનો એ નિર્ણાયક પુરાવાઓ નથી, પરંતુ તેવા અનુમાનોનું યોગ્ય અને વ્યાજબી પુરાવા તથા ખુલાસાઓથી ખંડન કરી શકાય છે. વધુમાં આરોપીએ તેવા અનુમાનોનું ખંડન કરવા સોગંદ ઉપર જુબાની આપવી જ જોઈએ તેવો કોઈ કાયદાનો નિયમ નથી. આરોપી ફરીયાદીની ઉલટ તપાસ તથા રેકર્ડ પરના પુરાવા પરથી તેવા અનુમાનોનું ખંડન કરી શકે છે. ચુકાદા ની સગવડતા ખાતર કલમ–૧૧૮ તથા ૧૩૯ નીચે મુજબ રજુ છે.

**118 Presumptions as to negotiable instruments.** —
Until the contrary is proved, the following presumptions shall be made:—

(a) of consideration —that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, was accepted, indorsed, negotiated or transferred for consideration;

(b) as to date —that every negotiable instrument bearing a date was made or drawn on such date;

(c) as to time of acceptance —that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;

(d) as to time of transfer —that every transfer of a negotiable instrument was made before its maturity;

(e) as to order of indorsements —that the indorsements appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon;

(f) as to stamps —that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;

(g) that holder is a holder in due course —that the holder of a negotiable instrument is a holder in due course:

Provided that, where the instrument has been obtained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an offence or fraud, or has been obtained from the maker or acceptor thereof by means of an offence or fraud, or for unlawful consideration, the burden of proving that the holder is a holder in due course lies upon him.

**139. Presumption in favour of holder.—**

It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in section 138 for the discharge, in whole or in part, of any debt or other liability.

(૧૪) વધુમાં આ કામે કયા કયા સંજોગોમાં અનુમાનોનું ખંડન કેવી રીતે કરી શકાય તથા તેવા અનુમાનોનું ખંડન કરવા માટે પુરાવાનો બોજો કોના

ઉપર છે અને તે કેવી રીતે ખંડન કરી શકાય તે માટે નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા **<u>હીતેન પી. દલાલ વિ. બ્રદ્રિનાથ બેનરજી એ.આઈ.આર. ૨૦૦૧ એસ.સી.૩૮૯૭ માં પેરા. ૨૦, ૨૧ અને ૨૩</u>** માં ઠરાવેલ છે. જે નીચે મુજબ છે.

(B) Negotiable Instruments Act (26 of 1881), S.139, S.138 - DISHONOUR OF CHEQUE - Dishonour of cheque - Presumption that cheque was drawn for discharge of liability of drawer - Is presumption of law - Ought to be raised by Court in every case – Rebuttal evidence - Nature - Mere plausible explanation is not sufficient - Proof of explanation is necessary. Evidence Act (1 of 1872), S.114, S.101, S.102, S.103, S.104.

Section 139 provides that "it shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in Section 138 for the discharge, in whole or in part, of any debt or other liability." The effect of these presumptions is to place the evidential burden on the accused of proving that the cheque was not received by the complainant towards the discharge of any liability. Because both Sections 138 and 139 require that the Court "shall presume" the liability of the drawer of the cheques for the amounts for which the cheques are drawn, as noted in it is obligatory on the Court to raise this presumption in every case where the factual basis for the raising of the presumption had been established. It introduced an exception to the general rule as to the burden of proof in criminal cases and shifts the onus on to the accused. Such a presumption is a presumption of law, as distinguished from a presumption of fact which describes

provisions bywhich the Court "may presume" a certain state of affairs. Presumptions are rules of evidence and do not conflict with the presumption of innocence, because by the latter all that is meant is that the prosecution is obliged to prove the case against the accused beyond reasonable doubt. The obligation on the prosecution may be discharged with the help of presumptions of law or fact unless the accused adduces evidence showing the reasonable possibility of the non existence of the presumed fact. (Paras 20, 21)

The distinction between the two kinds of presumption lay not only in the mandate to the Court, but also in the nature of the evidence required to rebut the two. In the case of discretionary presumption the presumption if drawn may be rebutted by an explanation which 'might reasonably be true and which is consistent with the innocence" of the accused. On the other hand in the case of a mandatory presumption "the burden resting on the accused person in such a case would not be as light as it is where a presumption is raised under Section 114 of the Evidence Act and cannot be held to be discharged merely by reason of the fact that the explanation offered by the accused is reasonable and probable. It must further be shown that the explanation is a true one. The words 'unless the contrary is proved' which occur in this provision make it clear that the presumption has to be rebutted by proof and not by a bare explanation which is merely plausible. A fact is said to be proved when its existence is directly established or when upon the material before it the Court finds its existence to be so probable that a reasonable man would act on the supposition

that it exist. Unless therefore, the explanation is supported by proof, the presumption created by the provision cannot be said to be rebutted. (Para 23)

આમ ઉપરોકત ચુકાદા મુજબ અનુમાનોનું ખંડન કરવાનો બોજો આરોપી ઉપર રહે છે અને જો આરોપી અનુમાનોનું ખંડન ન કરી શકે તો માત્ર અનુમાનો ઉપર આધાર રાખીને પણ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય છે.

(૧૫) આ કામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અનુસારના ગુનો બનવા માટેના આવશ્યક તત્વો જોઈએ તો, ચેક કાયદેસરની જવાબદારીના પુર્ણ અથવા અંશત: ચુકવણા માટેના હોવો જોઈએ. ત્યારે આ કામે ઉપરોકત કરવામાં આવેલ ચર્ચા મુજબના ગુના સબબના તમામ આવશ્યક તત્વો પુરવાર કરવા સારૂ ફરીયાદી દ્રારા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૪૫(૧) અન્વયે પોતાની તમામ હકીકતોને સમર્થનકારક પુરાવો આ કામે તેઓ દ્રારા સોગંધનામાથી રજૂ કરવામાં આવેલ છે જે સોગંધનામામા તેઓએ આ કામે આરોપી સાથે થયેલ વ્યવહારની વિગતો તેમજ આ કામે આરોપી દ્રારા તેઓને ચેક આપવામાં આવેલ હોવાની હકીકત ને સમર્થનકારક મૌખિક પુરાવો રજૂ કરેલ છે તેમજ આ કામે તેઓ દ્રારા ચેક કલીયરીંગ માટે બેંકમાં રજૂ કરવામાં આવતા આ ચેક ઈનસફીસીયન્ટ ફંડસના શેરા સાથે પરત આવેલ છે. જે પરત ફર્યા બદલ આ કામના આરોપીને નોટીસ આપવામાં આવેલી અને તે નોટીસ આરોપીને બજી ગયેલ હોવાનો સમર્થનકર્તા પુરાવો રજૂ કરેલ છે. તેમજ આ કામે પોતાના મૌખિક પુરાવાના સમર્થનકારક દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલ છે. જેમાં આ ફરીયાદી દ્રારા ગુજરાત સરકાર શાહુકાર ધારા–૨૦૧૧ નીચે થયેલ રજીસ્ટ્રેશનનું પ્રમાણપત્ર,

ભાગીદારી દસ્તાવેજ, અધિકાર પત્ર, આરોપી ધ્વારા ફરિયાદીને આપવામાં આવેલ ચેક, ચેક પરત ફર્યા અંગેનો રીટર્ન મેમો, આરોપીને વકીલશ્રી મારફત મોકલવામાં આવેલ નોટીસ, નોટીસ પોસ્ટ ખાતામાં નોટીસ રજી.એડી.કરાવમાં આવેલ તેની મની સ્લીપ, ભારતીય પોસ્ટનો ઓનલાઈન ટ્રેક રિપોર્ટ, લોનની શરતોની વિગતો દર્શાવતુ પત્રક, લોન અરજી ફોર્મ, સ્ટેટમેન્ટ ઓફ એકાઉન્ટ, ફરીયાદીનું આધાર કાર્ડ રજૂ કરવામાં આવેલ છે. આમ, આ કામે ફરીયાદી દ્રારા પોતાના આંક-૧ ના સમર્થનમાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૪૫(૧) મુજબ પોતાનો પુરાવો રજૂ કરી પોતાની સમગ્ર ફરીયાદ હકીકત પુરવાર કરેલ છે. આમ, આ કામે હાલના ફરીયાદી દ્રારા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ-૧૩૮ મુજબના ગુનાના ઉપરોકત ચર્ચા કરવામાં આવેલ આવશ્યક તત્વો પુરવાર કરવા સારૂ પોતાનો તમામ પુરાવા રજૂ કરી દીધેલ છે. તેમજ તેઓ દ્રારા રજૂ કરવામાં આવેલ પુરાવા મુજબ આ કામના આરોપીને કાયદેસરના દેવાની ભરપાઈ કરવા માટે આપેલ ચેક પરત ફર્યા બદલની નોટીસ આપેલ હોવા છતા તેઓ દ્રારા ચેકની રકમ આ કામના ફરીયાદીને આપેલ ન હોવાનું પુરવાર થાય છે. આમ, જયારે આ કામે ફરીયાદીને આપેલ કાયદેસરના દેવાના ભરપાઈ માટે આપેલ ચેક પરત ફરેલો અને તે ચેક પરત ફર્યા બાદ તેઓને નોટીસ કરવામાં આવેલ અને આ નોટીસ બજી ગયેલ હોવા છતા દિન-૧૫ માં આ ચેકોની રકમ આપેલ ન હોવાથી, આ કામના આરોપી દ્રારા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ-૧૩૮ મુજબના ગુનાનું અનુમાન થઈ શકે તેમ છે. ત્યારે આ કામે હાલનો ગુનો બનવા માટે આવશ્યક તત્વો આ કામે ફરીયાદી દ્રારા પોતાના

પુરાવાના માધ્યમ થી પુરવાર કરેલ છે. આમ, આ કામે હાલના ફરીયાદી દ્રારા પોતાના પુરાવાથી હાલનો ગુનો બનતો હોવાની હકીકત પુરવાર કરેલ છે.

(૧૬) ફરીયાદી દ્રારા દાખલ કરવામાં આવેલ ફરીયાદ, તથા તેના સંલગ્ન વેરીફીકેશન અને દસ્તાવેજી પુરાવાઓની તમામ નકલો આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ અન્વયે આપવામાં આવેલ છે. અને ફરીયાદ પક્ષના સમગ્ર હકીકતો અને દસ્તાવેજી આધારોની જાણ આ કામના આરોપીને કરી, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ અન્વયે આરોપીનું નિવેદન નોંધવામાં આવેલ છે. ત્યારે હાલની કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો તે નીચે મુજબ છે.

આ કામે ઉપરોકત કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો જયારે સમન્સ ટ્રાયલ કેસમાં જયારે આરોપી મેજીસ્ટ્રેટ સમક્ષ હાજર થાય કે તેઓને હાજર કરવામાં આવે ત્યારે આરોપીને તેઓની સામેના આક્ષેપની વિગતોની જાણ કરવાની અને તેમાં તેઓને આ ગુના કબુલ રાખવા માંગે છે અથવા તો તેઓ આ ગુનામાં પોતાનો કોઈ બચાવ કરવા માંગે છે કે કેમ? તે મુજબની જોગવાઈ છે. આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો તે મુખ્યત્વે બે ભાગમાં વહેંચાયેલી છે, પ્રથમભાગ આ કામના આરોપીને તેઓની સામે આક્ષેપિત ગુનાની વિગતોની તેઓને જાણ કરી તેઓ ગુનો કબુલ કરવા માગે છે કે કેમ? તે બાબતે આરોપીને પુછવાનું રહે છે. જયારે બીજા ભાગને ધ્યાનેલેવામાં આવે તો તે આક્ષેપિત ગુનામાં પોતાનો બચાવ રજૂ કરવા માંગે છે કે કેમ? આમ, જયારે ઉપરોકત કાયદાકીય જોગવાઈ મુજબ આ કામના આરોપીને ગુનો કબુલ કરવા માંગે છે તે પુછવામાં આવતા તેઓ દ્રારા આ ગુનાનો ઈન્કાર કરવામાં આવેલ છે. ત્યારે AIR 2014 SC 2528, INDIAN BANK ASSOCIATION AND

OTHER VS UNION OF INDIA AND OTHER ના ચુકાદામાં ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૨૫૧ અન્વયે ગુનાનો ઈન્કાર કરવામાં આવતા આરોપીની શું ફરજ છે ? તેને ધ્યાને લેતા, નામ.સુપ્રિમ કોર્ટ દ્રારા એવુ ઠરાવવામાં આવેલ છે કે, જો આરોપી ગુનાનો ઈન્કાર કરે, તો તેઓ ફરીયાદ પક્ષે તરફથી મુકવામાં આવેલ આક્ષેપમાં કઈ હકીકતો આધારે બચાવ કરવા માંગે તે બચાવ જાહેર કરવો પડે અને તે આરોપીની જવાબદારી રહે છે કે તેઓ ફરીયાદ પક્ષ તરફથી મુકવામાં આવેલ આક્ષેપનો સંભવિત બચાવ રજૂ કરી શકે. પરંતું આ કામે રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો આ કામમાં હાલના આરોપી દ્રારા કોઈ બચાવ રજૂ કરેલ નથી. તેમજ કોર્ટ દ્રારા આપવામાં આવેલ તકો દરમ્યાન પણ પોતાનો બચાવ કરવાનું પસંદ કરેલ નથી તે હકીકત જ એ અનુમાનીત કરે છે કે આ કામે ફરીયાદપક્ષ તરફથી મુકવામાં આવેલ આક્ષેપમાં આરોપી પાસે કોઈ વ્યાજબી બચાવ નથી.

(૧૭) જે અનુસંધાને હાલના કેસના સંજોગો ધ્યાને લેવામાં આવે તો આ કામે હાલના આરોપી કોર્ટ સમક્ષ ઉપસ્થિત રહેલા અને તે દિવસે તેઓને હાલના આક્ષેપિત ગુનાની વિગતો તેઓને જણાવવામાં આવેલ છે. ત્યારે આ કામે હાલના આરોપી દ્રારા ગુનો કબુલ રાખેલ નથી અને આ કામે તેઓ પોતાનો બચાવ કરવા માંગતા હોવાનું જાહેર કરેલ છે. ત્યારે આ કામે ફરીયાદી દ્રારા જે ચેક આપવામાં આવેલ છે તે ચેક કાયદેસરના દેવાની ભરપાઈ કરવા સારૂ અથવા તો કોઈ જવાબદારી અદા કરવા સારૂ આપવામાં આવેલ ન હતો તે તમાામ હકીકતો પુરવાર કરવાની જવાબદારી આરોપીના શીરે રહે છે. તેમજ નામ. સુપ્રિમકોર્ટ દ્રારા **<u>હીતેન પી. દલાલ વિ. બ્રિદ્નાથ બેનરજી એ.આઈ.આર. ૨૦૦૧ એસ.સી.૩૮૯૭</u>** ના ચુકાદાના પ્રસ્થાપિત સિંધ્ધાંતો ધ્યાને લેતા : <u>“In other words, proved the facts required to form the basis of a presumption of law exists, no discretion is left</u>

with the court but to drawn the statutory conclusion, but this does not preclude the person against whom the presumption is drawn from rebutting it and proving the contrary. A fact is said to be proven when, " after considering the matters before it, the court either believes it to exist, or considers its existence so probable that a prudent man ought, under the circumstances of the particular case, to act upon the supposition that it exists". Therefore, the rebuttal does not have to be conclusively established but such evidence must be adduced before the court in support of the defence that the court must either believe the defence to exist or consider its existence to be reasonability being that of the 'prudent man"

(૧૮) આમ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૪ મુજબ આ કામે આરોપી દ્વારા પોતાનો કેસ આગળા ચલાવવા માંગતા હોવાનું જાહેર કરવામાં આવેલ હોવા બાદ, આ કામે ફરીયાદી દ્વારા જે ચેકનો આધાર લઈ હાલની ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે તે ચેક તેઓ દ્વારા કોઈ કાયદેસરના દેવા પેટે આપવામાં આવેલ ન હતો કે ફરીયાદી પાસે કોઈ દેવુ ન હતું તે તમામ હકીકતો પુરવાર કરવાની જવાબદારી આરોપીના શીરે રહે છે. પરંતું આ કામે તેઓ દ્વારા પોતાનો બચાવ કરવા માટે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. તેમજ ના.કોર્ટ દ્વારા વ્યાજબી અને પુરતી તક આપવામાં આવેલ હોવા છતાં ઉલટતપાસ કરેલ નથી. તેમજ તેઓ આક્ષેપિત ગુનામાં બચાવ માટે હાજર રહેવાનું પણ પસંદ કરેલ નથી. ત્યારે એ હકીકત અનુમાન કરી શકાય છે કે આ કામે તેઓની પાસે આક્ષેપિત ગુનાના કામે માત્ર ઉડાઉ ઈન્કાર કર્યા સિવાય બીજો કોઈ સંભવ બચાવ માટે કોઈ પુરાવો નહી હોય.

(૧૯) આમ, ઉપરોકત ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટની એકટની કલમ–૧૩૮ માટે આવશ્યક તત્વો પુરવાર કરવામાં ફરીયાદી સફળ જતા હોય ત્યારે ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૨૫૧ અન્વયે આ કામે હાલના આરોપી દ્રારા જે ગુનો કબુલ કરવામાં આવેલ ન હોવા મુજબનું નિવેદન આપવામાં આવેલ છે. તેઓ દ્રારા આ નિવેદનમાં હાલના ગુના માટે પોતાનો બચાવ કરવા માંગતા હોવાનું જણાવવામાં આવેલ છે. આમ, જયારે આરોપી દ્રારા તેઓની સામેના આક્ષેપિત ગુનામાં પોતાનો બચાવ કરવા માંગતા હોય તે પુરાવો રજૂ કરવાની કે સોગંધકર્તાના પુરાવાને પડકારવા માંગતા હોવાની જવાબદારી આરોપીની બની રહે છે. આ કામે આરોપી દ્રારા જો પોતાનો બચાવ જાહેર કરવા માંગતા હોય કે સોગંધનામાથી જે હકીકતો જાહેર કરવામાં આવેલ હોય તેને તપાસવા માંગતા હોય તો તે બાબતે કોઈ અરજી આપી અને તેઓને પુરાવા માટે બોલાવવામાં આવેલ નથી. ત્યારે આ કામે હાલના સાહેદના પુરાવાની આરોપીને કોઈ આવશ્યકતા છે કે કેમ? અને તેઓ આ સોગંધકર્તાની હકીકતોને ઉલટતપાસ માટે બોલાવવા માંગે છે કે કેમ તે માટેની જોગવાઈ ધ્યાને લેતા તે નીચે મુજબ છે.

**ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ:– ૧૪૫(૨)**

**(2) The court may, if it thinks fit, and shall, on the application of the prosecution or the accused, summons and examine any person giving evidence on the affidavit as to the facts contained therein.**

(૨૦) આમ, ઉપરોકત આરોપીને હાલના ફરીયાદીની કલમ–૧૪૫(૨) અન્વયે જો તેઓ ફરીયાદી દ્રારા જે પુરાવો સોગંધનામાંથી રજૂ કરવામાં આવેલ છે. તેની હકીકતો અન્વયે ઉલટતપાસના માઘ્યમથી પડકારવા માંગતા હોય તો

તેઓએ સોગંધનામાની ઉલટ તપાસ કરવા માટે અરજી આપી શકે છે. <u>પરંતુ આ કામે બચાવપક્ષને પુરતી અને વ્યાજબી તક આપવા છતાં આરોપી અને આરોપીના વિ.વ.શ્રીને અવારનવાર પોકાર કરવા છતાં કોઈ હાજર રહેલ ન હોય જેથી આરોપીનો ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવેલ છે.</u> આમ, આ કામે હાલના આરોપીએ ફરીયાદીના પુરાવાને બીનપડકારી રહેવા દીધેલ છે. આમ, તેઓનો ઉલટતપાસ કરવા માટે તેઓની પાસે કોઈ બચાવ ન હોવાનું વિરૂધ્ધનું અનુમાન થઈ શકે તેમ છે. ત્યારે આ કામે હાલના આરોપી દ્રારા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ અન્વયે પોતાનો બચાવ રજૂ કરવામાં તથા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ અન્વયે પોતે વિરૂધ્ધની કોઈ હકીકત રેકર્ડ પર લાવવાનું પસંદ કરેલ નથી. ત્યારે ધીનેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૯ ની જોગવાઈ ધ્યાને લેતા તે નીચે મુજબ છે.

**<u>139. Presumption in favour of holder.—</u>**

<u>It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in section 138 for the discharge, in whole or in part, of any debt or other liability.</u>

આમ ઉપરોકત કાયદાકીય જોગવાઈને ધ્યાને લેવામાં આવે તો તે હકીકત આદેશાત્મક રીતે અનુમાન કરવાની રહે છે કે જો વિરૂધ્ધની કોઈ હકીકત પુરવાર કરવામાં ન આવે તો ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે આપવામાં આવેલ ચેક તે કાયદેસરના દેવા પેટે અથવા તો તેના કોઈ ભાગ અથવા તો કોઈ જવાબદારી અદા કરવા માટે આપવામાં આવેલ છે. ત્યારે આ કામે ફોજદારી કાર્યરીતી કલમ–૨૫૧ તથા ધી

નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ સાથે વંચાણે લેતા આ કામે જયારે આરોપી દ્રારા ગુનો કબુલ ન રાખતા આ કામે તેઓએ પોતાનો બચાવ કરવા માંગતા હોવાનું જાહેર કરવામાં આવેલ છે અને કલમ–૧૩૯ અન્વયે ફરીયાદી પક્ષ તરફથી પુરવાર કરવામાં આવેલ હકીકતોમાં વિરૂધ્ધની કોઈ હકીકત પુરવાર કરવાની જવાબદારી આરોપીના શીરે રહેતી હોય ત્યારે આ કામે હાલના આરોપી દ્રારા પોતાના બચાવમાં કોઈ પુરાવો રજૂ કરેલ ન હોવાથી તેઓ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબ પોતાનો બચાવ કરવામાં સદંતર નિષ્ફળ નીવડેલા હોવાનું મારૂ માનવું છે.

(૨૧) આમ, જયારે ઉપરોકત કલમો મુજબ આરોપી દ્રારા કોઈ વિરૂધ્ધની હકીકતો પુરવાર કરવા માટે હાજર રહેલા નથી તેમજ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૪ મુજબ પોતાનો બચાવ રજૂ કરેલ નથી કે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબ ફરીયાદપક્ષના પુરાવામાં કોઈ વિરૂધ્ધની હકીકત રજૂ કરવા માટે પ્રયત્ન કરવામાં આવેલ નથી ત્યારે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ધ્યાને લેતા તે નીચે મુજબ છે.

**138. Dishonour of cheque for insufficiency, etc. of fund in the account,**

**Where any cheque drawn by a person on an account maintainedby him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned bythe bank unpaid, either because of the amount of money standing**

**to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from the account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall without prejudice to any other provision of this Act, be punished with imprisonment for 2[a term which may extend to two year] or with fine which may extend to twice the amount of the cheque, or with both:**

આમ ઉપરોકત કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો આ જોગવાઈ મુજબ “**such person shall be deemed to have committed an offence**” મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે. ત્યારે આ કામે જો કોઈ વ્યકિતનો ચેક અપુરતા ભંડોળના કારણસર પરત ફરવામાં આવેલ હોય કે બેંક સાથે ખાતેદારની સમજુતીની રકમથી વધારે રકમ કરતા વધારે રકમનો હોય અને તે કારણસર પરત ફરવામાં આવેલ હોય ત્યારે આદેશાત્મક રીતે તે વ્યકિત દ્રારા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ હોવાનું માની લેવામાં આવશે.

(૨૨) જયારે આ કામે હાલના આરોપી ફરીયાદીને આ કામનો ચેક કાયદેસરના દેવા પેટે આપેલ હોવા સામે કોઈ બચાવ કરવામાં આવેલ નથી, ત્યારે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ મુજબ તેઓ દ્રારા હાલનો ચેક કાયદેસરના દેવા પેટે આપેલ હોવાનું અનુમાન ન કરવા માટે કોઈ પર્યાપ્ત કારણ રજૂ કરી શકેલ નથી, તેમજ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની

કલમ–૧૩૯ મુજબ પણ ફરીયાદીના પુરાવાથી કોઈ વિરૂધ્ધની હકીકત પુરવાર કરવા સારૂ અત્રેની અદાલત સમક્ષ હાજર રહેલા નથી. તેમજ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૪ અન્વયે તેઓ હાલના ગુનાના કામે તેઓ પોતાનો બચાવ કરવા માંગતા હોવાનું જાહેર કરી, પોતાનો કોઈ બચાવ રજૂ કરેલ નથી. ત્યારે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે તેઓએ હાલનો ગુનો કરેલ ન હોવાનું માની શકાય તેમ નથી. ત્યારે ઉપરોકત **મુદાનં.૧ નો નિર્ણય આરોપીની વિરુઘ્ધમાં હકારમાં** આપી તેમજ તે અન્વયે આ કામના તકરારી ચેક આરોપી દ્રારા કાયદેસરના દેવા અથવા અન્ય જવાબદારી ભરપાઈ કરવા માટે આપેલ અને તે ચેક ''**અપુરતા ભંડોળ**'' ના કારણસર પરત ફરેલો અને તે બદલ તેઓને કાયદેસરની નોટીસ બજી ગયેલ હોવા છતા નિર્ધારીત સમય મર્યાદામાં તેઓ દ્રારા ચેકની રકમ ફરીયાદીને નહી ચુકવી આપી અને ગુનો કરેલ હોવાનું પુરવાર થતું હોય, અને તેમાં પોતાનો બચાવ રજૂ કરવામાં નિષ્ફળ નીવડતા હોય, **આરોપી**ને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ના ગુના સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે અને ન્યાયને ખાતર આરોપીને સજાના પ્રમાણ બાબતે સાંભળવા ઉપર કેસ મુલતવી રાખવામાં આવે છે.

**તા.૧.૦૮.૨૦૨૬** (કમલેશકુમાર આર.ગાગનાણી)

રાજકોટ. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.(મ્યુની),રાજકોટ

ફરીયાદી તરફે વિ.વ.શ્રી દ્રારા આરોપીને પુરેપુરી બે વર્ષની સજા અને ચેકની બમણી રકમનો વળતર ચુકવવા માટેની રજૂઆત કરેલ છે. વધુમાં એવી રજૂઆત કરેલ છે કે,

આ કામે અવારનવાર પોકાર કરવા છતાં આરોપી કે તેમના વિ.વ.શ્રી હાજર રહેલ નથી કે પોતાના બચાવ અંગે કોઈ રીપોર્ટ કે રજૂઆત કરેલ નથી આરોપી જાતે ગેરહાજર રહીને સજાના પ્રમાણ અંગે તેઓને સાંભળવાની તકનો ઉપયોગ કરેલ નથી અને તે તક જતી કરેલ છે તેવુ માનવાને કારણ રહે છે.

વધુમાં હાલના કામે ચુકાદો જાહેર કરતી વખતે આરોપી ગેરહાજર છે. તે સંજોગોમાં અદાલત પાસે બે વિકલ્પ રહે છે. અદાલત સજા અંગેનો ચુકાદો જાહેર કરતા પુર્વે આરોપી વિરૂઘ્ધ પકડ વોરંટ જારી કરી શકે છે અથવા આરોપીની ગેરહાજરીમાં સજા અંગેનો ચુકાદો સંભળાવી આરોપી વિરૂઘ્ધ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૫૮ (૨) અન્વયે પકડવોરંટ જારી કરી શકે. હાલના કિસ્સામાં આરોપીઓએ ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન ગેરહાજર રહી અત્રેની અદાલતને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૫૮ (૨) અંગેનો ઉપચાર પસંદ કરવા પ્રેરેલ છે. આ બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટના શરદ જેઠાલાલ સાવલા વિરૂઘ્ધ સ્ટેટ ઓફ ગુજરાત અને બીજાઓ, જી.એલ.આર.–૨૦૧૭(૩), પેજનં.૨૩૫૩ ના ચુકાદામાંજણાવેલસિંઘ્ધાંતો હાલની ફરીયાદપક્ષની કેસની હકીકતો સાથે ઘ્યાને લઈ ન્યાના વિશાળ હિતમાં **<u>મુદા નં. ૨ માટે આખરી હુકમ</u>** નીચે મુજબ કરવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

૧. આ કામના આરોપી રવીભાઈ અશોકભાઈ વળદોરીયા ને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૮(૨) અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુન્હામા તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામના આરોપીને છ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૩. ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૯૫(૩) મુજબ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની સજાની જોગવાઈ ધ્યાને લેતા ચેકની રકમ રૂ.૫૪,૪૦૦/–(અંકે રૂ. ચોપન હજાર ચારસો પુરા) ફરીયાદીને આ કામના આરોપીએ આ હુકમથી દિન–૩૦ માં ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી વળતરની રકમ દિન–૩૦માં ચુકવવામાં નિષ્ફળ જાય તો આરોપીને વધુ એક માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. અત્રેની અદાલતે આ કામે વિજયન વિરુધ્ધ સનાનંદ કે. અને બીજાઓના ચુકાદા પર આધાર રાખી વળતરની રકમ ચુકવવામાં નિષ્ફળ જાય તો તેને સાદી કેદની સજા કરવાનો હુકમ કરેલ છે.

૪. આરોપીના અગાઉ કોઈ જો જામીન ખત હોય તો આથી કેન્સલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૫. આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૫૮ અન્વયે સજા ભોગવવા માટે પકડવોરંટ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૬. આરોપીએ કેસની ટ્રાયલ ચાલતાં સમય દરમ્યાન કાચા કામના કેદી તરીકે જો કોઈ સમય જેલમાં ગાળેલ હોય તો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૬૮ મુજબ મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

૭. આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૦૪ મુજબ હુકમની શર્ટીફાઈડ નકલ હાજર થયેથી વિના મુલ્યે પુરી પાડવી.

હુકમ તા.**૧–૦૮–૨૦૨૬** નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૧–૦૮–૨૦૨૬** (કમલેશકુમાર રમેશભાઈ ગાગનાણી)

રાજકોટ. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (મ્યુનીસીપાલ) **,**રાજકોટ

કોડનં.જી.જે.૦૧૬૮૭